T-20 વર્લ્ડકપ
આજની મેચ
શ્રીલંકા v/s ન્યૂઝીલેન્ડ
સમયઃ સાંજે 7.00 વાગ્યે, સ્થળઃ કોલંબો

# પાકિસ્તાનને હરાવી ઇંગ્લેન્ડ સેમી ફાઇનલમાં

**સાહિબઝાદા** ફરહાનની અર્ધસદીની મદદથી પાકિસ્તાને 9 વિકેટે 164 રન બનાવ્યા

**કેપ્ટન** બ્રુકે સદી ફટકારીને ઇંગ્લેન્ડને બે વિકેટે જીતાડી સૌથી પહેલા સેમીમાં પહોંચાડ્યું



પલ્લેકલ, તા. 24 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપમાં આજે મંગળવારે સુપર એઇટની ગ્રુપ 2ની એક મેચમાં ફોર્મમાં ચાલી રહેલા સાહિબજાદા ફરહાનની અડધી સદીની મદદથી પાકિસ્તાને ધીમી પીચ પર નવ વિકેટે 164 રનનો સ્પર્ધાત્મક સ્કોર બનાવીને મૂકેલા 165 રનના લક્ષ્યાંક સામે હેરી બ્રુકે કેપ્ટન ઇનિંગ રમી સદી ફટકારીને સેમ કરન તેમજ વિલ જેક્સ સાથે બે મહત્વની ભાગીદારી કરીને ઇંગ્લેન્ડને પાંચ બોલ બાકી રાખી બે વિકેટે જીતાડવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, આ જીતની સાથે જ ઇંગ્લેન્ડ સેમી ફાઇનલમાં પહોંચી ગયું હતું, જ્યારે એક મેચ ધોવાઇને બીજીમાં હારતા પાકિસ્તાનનું ભાવિ ડામાડોળ થઇ ગયું છે અને તેના માટે શ્રીલંકા સામેની મેચ ડુ ઓર ડાઇ બની ગઇ છે.

આ પહેલા ફરહાને 45 બોલમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 63 રન બનાવ્યા. ઇંગ્લેન્ડના સ્પિન બોલરોએ પાકિસ્તાનની મોટાભાગની ઇનિંગ્સમાં સચોટ લાઇન અને લેન્થ જાળવી રાખી હતી, પરંતુ ફરહાને તેમની સામે ધીરજ અને આક્રમકતાનું સંતુલન દર્શાવ્યું હતું. ડાબોડી સ્પિનર લિયામ ડોસન ઇંગ્લેન્ડનો સૌથી સફળ બોલર હતો. તેણે ચાર ઓવરમાં 24 રન આપીને ત્રણ વિકેટ લીધી, જેમાં 12 ડોટ બોલનો સમાવેશ થાય છે. તેણે 18મી ઓવરમાં સતત બે વિકેટ લઇને પાકિસ્તાનને 175 રન સુધી પહોંચતા અટકાવ્યું. જેમી ઓવરટને તેની બોલિંગમાં ઉસ્માન ખાનનો કેચ પકડ્યો, અને બીજા જ બોલ પર મોહમ્મદ નવાઝ લેગ બિફોર વિકેટ ફસાઇ ગયો.

ફરહાન અને ફખર ઝમાન વચ્ચે ચોથી વિકેટ માટે ૪.૫ ઓવરમાં ૪૯ રનની ઝડપી ભાગીદારી બાદ પાકિસ્તાનની ઇનિંગ્સ ધીમી પડી ગઇ. ફરહાને સ્પિનરો સામે અસરકારક રીતે સ્વીપ શોટ રમ્યો, અને ઓફ સ્પિનર વિલ જેક્સને કાઉ કોર્નર પર લાંબી છગ્ગો ફટકાર્યો. આ દરમિયાન, ઝમાન કેટલાક શક્તિશાળી શોટ રમ્યો પરંતુ આદિલ રશીદની ગુગલી ચૂકી ગયો, જેના કારણે ઓવરટનને એક શાનદાર રનિંગ બેક કેચ પકડવાની તક મળી.

# તે એક ભૂલ હતી : સચિન સામેના ખોટા નિર્ણયનો 22 વર્ષ પછી બકનરને પસ્તાવો

**વેસ્ટ** ઇન્ડીઝ ક્રિકેટ અમ્પાયર્સ એસોસિએશન સાથેના એક ઇન્ટરવ્યુમાં બકનરે આ ભુલ સ્વીકારી



નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ) : મહાન ભારતીય બેટ્સમેન સચિન તેંડુલકર સામે વિનાશક નિર્ણય આપ્યાના બે દાયકાથી વધુ સમય પછી, મહાન અમ્પાયર સ્ટીવ બકનરે આખરે દિલગીરી વ્યક્ત કરીને સ્વીકાર્યું છે કે તે એક ભૂલ હતી. 2009માં નિવૃત્ત થયેલા બકનર બે દાયકાથી વધુ સમય સુધી વિશ્વના સૌથી આદરણીય અમ્પાયરોમાંના એક હતા.

જોકે, તેમણે તેંડુલકરને લગતા કેટલાક વિવાદાસ્પદ નિર્ણયો આપ્યા, જેમાંથી સૌથી આઘાતજનક નિર્ણય 22 વર્ષ પહેલાં બ્રિસ્બેનના ગાબા ખાતે ભારત-ઓસ્ટ્રેલિયા ટેસ્ટ મેચ દરમિયાન LBWનો નિર્ણય હતો. વેસ્ટ ઇન્ડીઝ ક્રિકેટ અમ્પાયર્સ એસોસિએશન સાથેના એક ઇન્ટરવ્યુમાં, જ્યારે અમ્પાયર તરીકેના તેમના સૌથી મુશ્કેલ નિર્ણયોમાંથી એક વિશે પૂછવામાં આવ્યું, ત્યારે બકનરે કહ્યું, સચિન તેંડુલકરને LBW આઉટ આપવો. તે એક ભૂલ હતી, પરંતુ લોકો હજુ પણ દરરોજ તેના વિશે વાત કરે છે.

2003-04ની સીરિઝની ગાબા ખાતેની મેચમાં, ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર જેસન ગિલેસ્પી અને તેના સાથી ખેલાડીઓની જોરદાર અપીલ બાદ બકનરે તેંડુલકરને એલબીડબલ્યુ આઉટ આપ્યો હતો. ત્રીજા નંબર પર બેટિંગ કરતા, તેંડુલકરે બોલને તેના પેડની ટોચ પર વાગતા છોડી દેવાનો પ્રયાસ કર્યો પરંતુ બકનરે ઓસ્ટ્રેલિયન ખેલાડીઓની અપીલ સ્વીકારી. ટેલિવિઝન રિપ્લેમાં પાછળથી પુષ્ટિ થઇ કે બોલ સ્પષ્ટપણે સ્ટમ્પ ઉપરથી જઇ રહ્યો હતો.

કોમેન્ટ્રી બોક્સમાં રહેલા સ્વર્ગસ્થ ટોની ગ્રેગે તેને 'ભયાનક' નિર્ણય ગણાવ્યો અને તે સમયે આવું વિચારનારા તેઓ એકલા નહોતા. આ એકમાત્ર ઘટના નહોતી જ્યારે બકનરે તેંડુલકરને ખોટી રીતે આઉટ આપ્યો હતો. 2005માં ઇડન ગાર્ડન્સ ખાતે પાકિસ્તાન સામેની મેચમાં, જમૈકાના બકનરે નજીવી અપીલ છતાં તેંડુલકરને અબ્દુલ રઝાકની બોલ પર કેચ પાછળ આઉટ આપ્યો હતો. જોકે, રિપ્લેમાં બેટ અને બોલ વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો.

# અક્ષરે નેટમાં પરસેવો પાડ્યો, ઝિમ્બાબ્વે સામે તકની સંભાવના

**રિન્કુ** સિંહ ઘરે પરત ફર્યો હોવાથી સુંદર અને અક્ષર બંનેનો પ્લેઇંગ ઇલેવનમાં સમાવેશ થઇ શકે



ચેન્નાઇ, તા. 24 : અક્ષર પટેલે નેટ સત્ર દરમિયાન લગભગ 30 મિનિટ સુધી ડાબોડી સ્પિન બોલિંગનો અભ્યાસ કર્યો, જેનાથી ઝિમ્બાબ્વે સામેની કરો યા મરો મેચ માટે ભારતની પ્લેઇંગ ઇલેવનમાં સંભવિત વાપસીનો સંકેત મળ્યો. અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામેની છેલ્લી મેચમાં અક્ષર કરતાં વોશિંગ્ટન સુંદરને પસંદ કરવામાં આવ્યો હતો. ક્રિકેટના દૃષ્ટિકોણથી, તે ખરાબ વિચાર નહોતો કારણ કે ટીમ મેનેજમેન્ટ પાવર પ્લેમાં દક્ષિણ આફ્રિકાના બે આક્રમક ડાબોડી બેટ્સમેન, ક્વિન્ટન ડી કોક અને રાયન રિકેલ્ટન સામે વોશિંગ્ટનના ઓફ-સ્પિનનો ઉપયોગ કરવા માંગતો હતો.

પરંતુ ભારતની રણનીતિ નિષ્ફળ ગઇ કારણ કે જસપ્રીત બુમરાહે ડી કોક અને રિકેલ્ટનને વહેલા આઉટ કર્યા. દક્ષિણ આફ્રિકા સામે 76 રનથી મળેલા પરાજયથી ભારત માટે સુપર આઠમાં બાકી રહેલી બે મેચ જીતવી અનિવાર્ય બની ગઇ છે, જેમાંથી પહેલી મેચ ગુરુવારે ઝિમ્બાબ્વે સામે રમાશે. ઝિમ્બાબ્વે પાસે ટોપ ઓર્ડરમાં ઓપનર તાડી મારુમાની અને ચોથા નંબરે રાયન બર્લ એમ બે ડાબા હાથના બેટ્સમેન પણ છે. તો શું વોશિંગ્ટન પ્લેઇંગ ઇલેવનમાં પોતાનું સ્થાન જાળવી શકશે કે પછી અક્ષર પરત ફરશે? જો રિંકુ સિંહ ઉપલબ્ધ ન હોય, તો વોશિંગ્ટનને બદલ્યા વિના અક્ષરનો સમાવેશ થઇ શકે છે. જોકે, ભારત પાસે કુલદીપ યાદવને ટીમમાં સામેલ કરવાનો વિકલ્પ પણ છે.

## પારિવારિક ઇમરજન્સીને કારણે રિંકુ સિંહ ઘરે પરત ફર્યો

**ઝિમ્બાબ્વે** સામેની મેચમાં રમવા અંગે સસ્પેન્સ, રિંકુના વિકલ્પ તરીકે સંજુ સેમસન અને અક્ષર પટેલ છે

નવી દિલ્હી, તા. 24: ભારતીય બેટ્સમેન રિંકુ સિંહ પારિવારીક ઇમરજન્સીના કારણે અચાનક સ્વદેશ પરત ફર્યો છે, જેના લીધે 26 ફેબ્રુઆરીએ ચેન્નાઇમાં ઝિમ્બાબ્વે સામે રમાનારી આગામી મેચમાં તેના રમવા પર શંકાના વાદળો છવાયા છે. મંગળવારે સાંજે એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં ભારતીય ટીમના પ્રેક્ટિસ સેશન દરમિયાન રિંકુ ગેરહાજર રહ્યો હતો, જ્યારે બાકીના તમામ ખેલાડીઓએ નેટ્સમાં પરસેવો પાડ્યો હતો. રિંકુ સિંહ માટે આ ટૂર્નામેન્ટ અત્યાર સુધી નિરાશાજનક રહી છે. ગ્રુપ સ્ટેજની મેચોમાં તેણે 6, 1, 11* અને 6* રન કર્યા બાદ, અમદાવાદમાં દક્ષિણ આફ્રિકા સામેની હારમાં તે શૂન્ય રને આઉટ થયો હતો. જો રિંકુ ઝિમ્બાબ્વે સામે ઉપલબ્ધ નહીં હોય, તો ભારત પાસે વિકલ્પ તરીકે સંજુ સેમસન અને અક્ષર પટેલ છે. જો સેમસન રમે તો બેટિંગ ઓર્ડરમાં ફેરફાર થઇ શકે છે, જ્યારે અક્ષરના આવવાથી તે આઠમા નંબરે બેટિંગ કરી શકે છે. સુપર-એટમાં ભારતની છેલ્લી મેચ 1 માર્ચે વેસ્ટ ઇન્ડિઝ સામે છે. જો ભારત સેમીફાઇનલમાં પહોંચશે તો 5 માર્ચે મુંબઇમાં રમશે, પરંતુ જો મુકાબલો પાકિસ્તાન સામે હશે તો મેચ 4 માર્ચે કોલંબોમાં યોજાશે.

# ન્યુઝીલેન્ડ સામે આજે જીતવા માટે શ્રીલંકાને નોંધપાત્ર સુધારો કરવાની જરૂર

**શ્રીલંકા** પોતાની પહેલી મેચ હાર્યું છે જ્યારે ન્યૂઝીલેન્ડની પહેલી મેચ ધોવાઇ ગઇ છે તેથી આ મેચ બંને માટે મહત્વની

કોલંબો, તા. 24 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપની આવતીકાલે બુધવારે અહીં રમાનારી ન્યૂઝીલેન્ડ સામેની સુપર એઇટની મેચમાં શ્રીલંકાએ પોતાની આશા જીવંત રાખવી હોય તો સ્પિન બોલરો સામે પોતાની બેટિંગમાં સુધારો કરવો પડશે. પલ્લેકેલેની ધીમી પિચ પર, શ્રીલંકાના બેટ્સમેન ઇંગ્લેન્ડના સ્પિનરો સામે ખરાબ રીતે નિષ્ફળ ગયા અને 147 રનના લક્ષ્યનો પીછો કરવામાં અસમર્થ રહ્યા. સહ-યજમાન ભારતની પિચ કરતાં શ્રીલંકાની પિચ પર બેટિંગ કરવી વધુ મુશ્કેલ રહી છે, અને પ્રેમદાસા પિચ પર પણ આ વલણ ચાલુ રહેવાની શક્યતા છે, જ્યાં મોટી બાઉન્ડ્રીને કારણે છગ્ગા મારવાનું મુશ્કેલ છે.

સુપર આઠની પહેલી મેચમાં કારમી હાર બાદ, શ્રીલંકાના બેટ્સમેનોના શોટ સિલેક્શન પર પ્રશ્નો ઉભા થયા હતા અને ટીમે આ ભૂલોમાંથી શીખવું પડશે. શ્રીલંકાના બેટિંગ કોચ વિક્રમ રાઠોરે ટીમના ખરાબ પ્રદર્શન અંગે કહ્યું, આ એક T20 મેચ છે, તેથી સ્વાભાવિક રીતે તમે શક્ય તેટલા રન બનાવવાનો પ્રયાસ કરો છો. પરંતુ જ્યારે બોલ બેટ પર ન આવતો હોય, ત્યારે કહેવું સહેલું છે અને કરવું સહેલું નથી. શું કોઇ સારા વિકલ્પો હતા? ચોક્કસ હતા. મને લાગ્યું કે જ્યાં બોલ અંદર આવી રહ્યો હતો ત્યાં ઝડપથી રન બનાવવાનો વિચાર સારો ન હતો. અમારા કેટલાક બેટ્સમેન ઝડપી રન ચોરી કરવાનો પ્રયાસ કરીને આઉટ થયા. મને નથી લાગતું કે આ પરિસ્થિતિમાં આ રીતે પોતાને જોખમમાં મૂકવું એ સારો વિચાર હતો એવું તેમણે કહ્યું. પથુમ નિસાન્કા બેટથી પ્રભાવશાળી રહ્યા છે જ્યારે ડાબોડી સ્પિનર ડુનિથ વેલાલેજે બોલથી પ્રભાવિત કર્યા છે.

# ભારત કોઇ કસર નહીં છોડે, અમારે સ્માર્ટ ક્રિકેટ રમવાની જરૂર : ઝિમ્બાબ્વેના કોચ

**ભારત** પણ વેસ્ટઇન્ડિઝ જેવો અભિગમ અપનાવી શકે તેથી અમે પાઠ ભણ્યો તેનો ઉપયોગ કરીશું : સેમન્સ

મુંબઇ, તા. 24 (પીટીઆઇ) : ઝિમ્બાબ્વેના મુખ્ય કોચ જસ્ટિન સેમન્સ જાણે છે કે ગુરુવારે ટી20 વર્લ્ડ કપ સુપર એઇટ મેચમાં ભારત તેમની સામે આક્રમક વલણ અપનાવશે, પરંતુ માને છે કે વેસ્ટ ઇન્ડિઝ સામેની કારમી હારમાંથી શીખ્યા પછી તેમની અંડરડોગ ટીમ મહત્વપૂર્ણ મેચ માટે સંપૂર્ણપણે તૈયાર રહેશે.

સોમવારે અહીં સુપર આઠ મેચમાં વેસ્ટ ઇન્ડિઝે ઝિમ્બાબ્વેને 107 રનથી હરાવ્યું હતું. ભારત પણ પોતાની શરૂઆતની મેચ દક્ષિણ આફ્રિકા સામે 83 રનથી હારી ગયું હતું અને સેમન્સને અપેક્ષા છે કે ટીમ શરૂઆતથી જ તેમના અભિયાન પર પ્રભુત્વ મેળવશે. સેમન્સે વેસ્ટ ઇન્ડિઝ સામેની મેચ પછી કહ્યું કે અમે જાણીએ છીએ કે ભારત કેવી રીતે રમશે, અને તેમનો અભિગમ વેસ્ટ ઇન્ડિઝ દ્વારા અપનાવવામાં આવેલા જેવો જ હશે. તેઓ કોઇ કસર છોડશે નહીં. આ અમારા માટે એક સારો પાઠ હશે. અમે દબાણનો સામનો કેવી રીતે કરીએ છીએ, વી રીતે શાંત રહીએ છીએ અને ઝડપથી વિચારીએ છીએ અને બેટ્સમેનોની લયને કેવી રીતે વિક્ષેપિત કરીએ છીએ એવું તેમણે કહ્યું. સેમન્સે વેસ્ટ ઇન્ડિઝ સામે થયેલી ભૂલોનો સ્વીકાર કર્યો અને કહ્યું કે તેમની ટીમ, ખાસ કરીને બોલિંગ યુનિટ વિશે વિપક્ષની પૂર્વધારણાઓ સાચી સાબિત થઇ છે અને ભારત સામે આવી ભૂલો ટાળવી પડશે. અમે આ બાબતે થોડા વધુ સમજદાર બની શકીએ છીએ. ચેન્નાઇનું મેદાન થોડું મોટું હશે અને કદાચ આપણને ત્યાં થોડી વધુ આરામ મળશે એવું તેમણે કહ્યું.

# જો પાકિસ્તાન નોકઆઉટમાં પહોંચે તો કોલકાતા, અમદાવાદના ટિકિટ ધારકોને પૈસા પરત કરાશે

**શ્રીલંકા** પણ ક્વોલિફાય થાય અને ભારત સિવાયની ટીમ સામે સેમી ફાઇનલ રમે તો પણ ટિકીટના પૈસા પરત કરાશે

દુબઇ, તા. 24 (પીટીઆઇ) : ટી-20 વર્લ્ડકપના સેમી ફાઇનલ અને ફાઇનલ માટે ટિકિટનું વેચાણ મંગળવારથી શરૂ થઇ ગયું છે અને ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સીલ (આઇસીસી) એ જાહેરાત કરી છે કે જો પાકિસ્તાન સેમી ફાઇનલ કે ફાઇનલ રમે છે, તો કોલકાતા (સેમીફાઇનલ) અને અમદાવાદ (ફાઇનલ) માટે ટિકિટ ખરીદનારા ટિકિટ ધારકોના સંપૂર્ણ પૈસા પરત કરવામાં આવશે. જો શ્રીલંકા ક્વોલિફાય થાય અને ભારત સિવાયની ટીમ સામે સેમી ફાઇનલ રમે તો પણ પૈસા પરત કરવામાં આવશે કારણ કે તે કિસ્સામાં તેઓ ઘરે રમશે. મંગળવારે ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે ટિકિટનું વેચાણ શરૂ થયું. ચાહકો 4 માર્ચે પ્રથમ સેમિફાઇનલ, 5 માર્ચે બીજી સેમિફાઇનલ અને 8 માર્ચે ફાઇનલ માટે ટિકિટ ખરીદી શકશે. પહેલી સેમિફાઇનલ કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમ અથવા કોલકાતાના ઇડન ગાર્ડન્સમાં રમાશે જ્યારે બીજી સેમિફાઇનલ મુંબઇના વાનખેડે સ્ટેડિયમમાં રમાશે. જો પાકિસ્તાન સેમિફાઇનલ માટે ક્વોલિફાય થાય છે, તો તેઓ 4 માર્ચે કોલંબોમાં પ્રથમ સેમિફાઇનલમાં રમશે. જો પાકિસ્તાન સેમી ફાઇનલ માટે ક્વોલિફાય ન થાય પણ શ્રીલંકા કરે છે અને ભારત સિવાય કોઇ અન્ય ટીમ સામે રમે છે, તો શ્રીલંકા કોલંબોમાં પ્રથમ સેમી ફાઇનલમાં રમશે.

# દિલ્હીમાં ક્રિકેટમાં થયેલા ઝઘડામાં કિશોરની હત્યા

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઇ): પશ્ચિમ દિલ્હીના તિલક નગર વિસ્તારમાં ક્રિકેટની રમતમાં થયેલો ઝઘડો લોહિયાળ દુર્ઘટનામાં પરિણમ્યો છે. સોમવારે સાંજે એક સ્થાનિક પાર્કમાં ક્રિકેટ મેચ દરમિયાન થયેલી મામૂલી બોલાચાલી બાદ, ત્રણ સગીરોએ કથિત રીતે 15 વર્ષના કિશોરની ગળું તોડીને હત્યા કરી નાખી હતી. પોલીસે આ મામલે ત્રણેય સગીરોની અટકાયત કરી છે. 15 વર્ષીય નિશાંત અને એક 12 વર્ષના છોકરા વચ્ચે ક્રિકેટ મેચ દરમિયાન બોલાચાલી થઇ હતી. આ સામાન્ય ઝઘડા બાદ 12 વર્ષનો છોકરો તેના 17 અને 13 વર્ષના પિતરાઇ ભાઇઓને બોલાવી લાવ્યો હતો. 7:22 વાગ્યે આ ત્રણેય સગીરોએ નિશાંતને ઘેરી મારપીટ કરી હતી. આ હુમલામાં નિશાંતને ગંભીર ઇજાઓ પહોંચતા તે બેભાન થઇ ગયો હતો.

# રણજી ફાઇનલ : શુભમ-યાવરની શાનદાર બેટિંગથી જમ્મુ-કાશ્મીર મજબૂત

**શુભમ** પુંડિરે સેહવાગ સ્ટાઇલમાં છગ્ગો મારીને પોતાની સદી પુરી કરી, પ્રથમ દિવસના અંતે જમ્મુ-કાશ્મીરનો સ્કોર બે વિકેટે 284 રન



હુબલી, તા. 24 (પીટીઆઇ) : રણજી ટ્રોફીની આજે મંગળવારથી અહીં શરૂ થયેલી ફાઇનલના પહેલા દિવસે શુભમ પુંડિરની નોટઆઉટ સદી અને યુવાન યાવર હસનની 88 રનની લડાયક ઇનિંગની મદદથી, જમ્મુ અને કાશ્મીરે મંગળવારે કર્ણાટક સામે મજબૂત શરૂઆત કરીને બે વિકેટે 284 રન બનાવ્યા હતા. રમતના અંતે આક્રમક બેટ્સમેન શુભમ 117 અને અબ્દુલ સમદ 52 રન સાથે ક્રિઝ પર હતા. કેપ્ટન પારસ ડોગરા રિટાયર્ડ હર્ટ થયા બાદ બંનેએ ત્રીજી વિકેટ માટે 105 રનની નોટઆઉટ ભાગીદારી કરી.

અગાઉ, 27 વર્ષીય શુભમ અને યાવરે બીજી વિકેટ માટે 139 રન ઉમેર્યા અને આઠ વખતના ચેમ્પિયન સામે મોટા સ્કોરનો પાયો નાખ્યો. બે સદીની ભાગીદારીનો ભાગ રહેલા શુભમે શિખર શેટ્ટીની બોલિંગમાં ડીપ મિડ-વિકેટ પર છગ્ગો મારીને પોતાની સદી પૂરી કરી હતી. તેણે પોતાનું હેલ્મેટ કાઢીને અને ડ્રેસિંગ રૂમ તરફ હાથ ઉંચો કરીને આ સિદ્ધિની ઉજવણી કરી. મેચ આગળ વધતાં સ્પિનરોને વધુ મદદ મળે તેવી શક્યતા હોવાથી, જમ્મુ અને કાશ્મીરે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો, જે અત્યાર સુધી સાચો સાબિત થયો છે.

# વર્લ્ડ ચેમ્પિયન બન્યા પછીની પહેલી વન ડેમાં ભારતીય મહિલા ટીમ હારી

**મૂની** અને હીલીએ ઓસ્ટ્રેલિયાને ભારત સામે પહેલી વન ડેમાં આસાન જીત અપાવી



બ્રિસ્બેન, તા. 24 (પીટીઆઇ) : એશ્લે ગાર્ડનરના નેતૃત્વમાં બોલરોના શાનદાર પ્રદર્શન અને બેથ મૂની તેમજ કેપ્ટન એલિસા હીલીની અડધી સદીની મદદથી, ઓસ્ટ્રેલિયાએ મંગળવારે અહીં રમાયેલી પ્રથમ મહિલા વન ડે મેચમાં ભારતને 70 બોલ બાકી રાખી છ વિકેટથી હરાવીને ત્રણ મેચની સીરિઝમાં પ્રારંભિક સરસાઇ મેળવી લીધી.

ડિફેન્ડિંગ વર્લ્ડ ચેમ્પિયન ભારતે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ કેપ્ટન હરમનપ્રીત કૌરના 84 બોલમાં 53 અને વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાનાના 68 બોલમાં 58 રનની ઇનિંગ છતાં ભારત 48.3 ઓવરમાં 214 રનમાં ઓલઆઉટ થઇ ગયું હતું. ઓસ્ટ્રેલિયાને લક્ષ્ય સુધી પહોંચવામાં કોઇ મુશ્કેલી ન પડી, તેણે ફક્ત 38.2 ઓવરમાં ચાર વિકેટે 217 રન બનાવ્યા. હીલીએ 70 બોલમાં 50 સાથે સારી શરૂઆત અપાવી. હીલી અને ફોબી લિચફિલ્ડે સરળતાથી રન બનાવ્યા, પ્રથમ વિકેટ માટે 55 રન જોડ્યા. મૂનીએ 79 બોલમાં 76 અને એનાબેલ સધરલેન્ડ 44 બોલમાં નોટઆઉટ 48 કરવા સાથે બંનેએ ચોથી વિકેટ માટે 85 રન ઉમેરીને ઓસ્ટ્રેલિયાની મોટી જીત સુનિશ્ચિત કરી.

## 36મી બનાસ ટ્રોફીની ફાઇનલમાં ડીએસપીપીને હરાવી 17 જીલ્લા ટીમ ચેમ્પિયન



છેલ્લા 36 વર્ષથી ઉત્તર ગુજરાત જૈન સમુદાયના ચાર ફિરકાઓની 17 જેટલી ટીમો વચ્ચે આ ટુર્નામેન્ટ યોજાય છે. આ વર્ષે ટૂર્નામેન્ટની ફાઇનલ મેચ 17 જીલ્લા (કેપ્ટન કેરલ કોઠારી) વિરુદ્ધ ડીએસપીપી (કેપ્ટન નિરવ મહેતા) ટીમો વચ્ચે રમાઇ હતી. મેચમાં ડીએસપીપી ટીમે ટોસ જીતી પહેલા બેટિંગ કરતા 183 રનનો ટાર્ગેટ આપ્યો હતો. 17 જીલ્લા ટીમે આ ટાર્ગેટ 18.2 ઓવરમા કબજે કરી મેચ 7 વિકેટથી જીતી લીધી હતી. મેન ઓફ ધ મેચ અક્ષાજ ગાંધી અને મેન ઓફ ધ સીરીઝ નિરવ મહેતા રહ્યાં હતા. આ ટુર્નામેન્ટ ને સફળતા પૂર્વક આયોજન કરવામાં બનાસ ટ્રોફી ના દરેક કમિટી મેમ્બરો એ ભારે જહેમત ઉઠાવી હતી.

## ઓલ ઇન્ડિયા સીવીલ સર્વિસીસ ટુર્નામેન્ટ માં બે મેડલ જીતતી શેનન



હાલમાં જ ગોવા ખાતે ઓલ ઇન્ડિયા સીવીલ સર્વિસીસ બેડમિન્ટન ટુર્નામેન્ટ 2026નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક હજાર કરતાં વધુ ખેલાડીઓએ ભાગ લીધો હતો. ગુજરાતની ટીમ ક્વાર્ટર ફાઇનલમાં હારી ગઇ હતી. પરંતુ વ્યકિતગત સ્પર્ધામાં ગુજરાત વતી રમતી શેનન ક્રિશ્ચિયને વુમન સીંગલ્સ અને વુમન ડબલ્સમાં સિલ્વર મેડલ જીત્યો હતો.

# FIH પ્રો લીગ: ભારત શૂટઆઉટમાં સ્પેન સામે 3-4થી હાર્યું

**59મી** મિનિટ સુધી 1-0ની ભારતે સરસાઇ ધરાવી પણ અંતિમ પળોમાં થયેલા ગોલથી સ્પેને મેચ બરાબરી પર મૂકી



હોબાર્ટ, તા. 24 (પીટીઆઇ) : FIH મેન્સ પ્રો લીગમાં ભારતનું નિરાશાજનક પ્રદર્શન મંગળવારે પણ ચાલુ રહ્યું અને નિયમિત સમયમાં મેચ 1-1 થી બરાબરી પર રહ્યા બાદ સ્પેન સામે ભારત શૂટઆઉટમાં 3-4 થી હાર્યું હતું. મનિન્દર સિંહના ગોલથી 59મી મિનિટ સુધી 1-0ની સરસાઇ જાળવી રાખવા છતાં, અંતિમ ક્ષણોમાં સ્પેન વતી બ્રુનો ફોન્ટે ગોલ કરીને મેચને શૂટઆઉટમાં લઇ ગયો હતો.

સ્પેને મેચની મજબૂત શરૂઆત કરી, ચોથી મિનિટમાં તેમનો પહેલો પેનલ્ટી કોર્નર મેળવ્યો પરંતુ ડ્રેગ-ફ્લિક ભારતીય ગોલકીપર મોહિતે સરળતાથી બચાવી લીધો. સ્પેનને લાગ્યું કે તેમણે આઠમી મિનિટમાં સરસાઇ મેળવી લીધી છે પરંતુ જોસ બાસ્ટેરાનો ગોલ નામંજૂર થયો. દબાણમાંથી બહાર આવતા, ભારતે 14મી મિનિટે પેનલ્ટી કોર્નર મેળવ્યો પરંતુ અમિત રોહિદાસની ડ્રેગ ફ્લિકને સ્પેનના ગોલકીપર લુઇસ કાલ્ઝાડોએ બચાવી લીધી. ભારતને 19મી મિનિટે સફળતા મળી.

# મેક્સિકોમાં હિંસાઃ 2026 વર્લ્ડકપની સુરક્ષા પર ઉઠ્યા પ્રશ્નો

**જૂન** 2026માં યોજાનારી વર્લ્ડકપની મેચો માટે સુરક્ષાની પૂરી ગેરંટી છે: મેક્સિકો પ્રમુખ

મેક્સિકો શહેર, તા. 24 (એપી): મેક્સિકોના જેલિસ્કો રાજ્યમાં સૌથી શક્તિશાળી ડ્રગ માફિયા નેમેસિયો ઓસેગુએરા સર્વાન્ટેસ ઉર્ફે 'અલ મેન્ચો'નાં મોત બાદ ફેલાયેલી હિંસાથી સ્થાનિક પર્યટન ઉદ્યોગ અને 2026ના ફીફા વર્લ્ડકપના આયોજન પર જોખમ તોળાઇ રહ્યું છે. તાપાલપા અને પ્યુર્ટો વલ્લાર્ટા જેવા પર્યટન સ્થળોએ લશ્કરી કાર્યવાહી અને ગેંગ વોરને કારણે પર્યટકોમાં ભારે ફફડાટ છે. આ લશ્કરી ઓપરેશનમાં 'અલ મેન્ચો' સહિત 70થી વધુ લોકોના મોત થયાં છે. આ ઘટના બાદ અમેરિકન પર્યટકો મેક્સિકોમાં ફસાયા છે અને ઘણાએ હવે ફરી અહીં ન આવવાનો નિર્ણય કર્યો છે. જોકે પ્રમુખ ક્લાઉડિયા શેનબૌમે ખાતરી આપી છે કે જૂન 2026માં ગ્વાડલાજારામાં યોજાનારી વર્લ્ડકપની મેચો માટે સુરક્ષાની પૂરી ગેરંટી છે, પરંતુ સ્થાનિક વેપારીઓ સંઘર્ષના કારણે થતા 'નુકસાન' અને ડ્રગ માફિયાઓ વચ્ચેના વર્ચસ્વની લડાઇને લઇને ચિંતિત છે. સ્થાનિક વેપારીઓને ચિંતા છે કે આ હિંસાથી તેમના વ્યવસાયને ફટકો પડશે અને પર્યટકો અહીં આવતા ડરશે. તેઓને ડર છે કે ડ્રગ માફિયાઓ વચ્ચેની વર્ચસ્વની લડાઇ વધુ હિંસા નોતરશે.